ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૨/ ૫૪૬-૫૮૦
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં:૯/૧, ડૉ.જે.એમ. ભવન,
ગાંધીનગર
તા. ૧૬/૦૯/૨૦૨૨

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 3727
શાખાનું નામ: પ્રાથમિક
તારીખ: 22-9-22
સહી:

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા- તમામ

વિષય:- પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ ગણવેશ સહાય યોજના હેઠળ શિષ્યવૃત્તિ હેઠળ શિષ્યવૃતિ સમયમર્યાદામાં ચૂકવવા બાબત.

સંદર્ભ: નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી ગાંધીનગરના તા:૦૭/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંક : નં./આવિ/શિક્ષણ/ ફા.નં.૧૩૩૭/૨૦૨૨/૧૫૨૦-૧૫૨૩ નો પત્ર

શ્રીમાન.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફરથી ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal પર શિષ્યવૃત્તિ માટેનું સોફટવેર ડેવલોપ કરવામાં આવેલ છે. જેમાં શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિધાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય દ્વારા તમામ આદિજાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના હેઠળ શિષ્યવૃત્તિ/સહાય ચૂકવીની પ્રકિયા માહે સપ્ટેમ્બર અંતિત પૂર્ણ કરવા નિયત થયેલ છે. ચાલુ નાણાંકીય વર્ષ:૨૦૨૨-૨૩માં ડિજીટલ ગુજરાત પોર્ટલ પર તા.૦૬/૦૯/૨૦૨૨ અંતિત યોજનાવાર પત્રક-૧ તથા પત્રક-૨ આ સાથે સામેલ છે. જેમા (૧) પ્રિ-મેટ્રીક (રાજ્ય સરકાર) યોજના યોજના હેઠળ આચાર્યશ્રી ધ્વારા ૧૦૪૨૬૨૭ જેટલી વિદ્યાર્થીઓની દરખાસ્તોની કામગીરી થયેલ છે. જે પૈકી ૧૦૦૨૩૦૦ વિદ્યાર્થીની દરખાસ્ત સંલગ્ન મદદનીશ કમિ.શ્રી, આ.વિ.ની કચેરીના લોગીનમાં ઓનલાઇન મોકલી આપેલ છે. જયારે ૪૦૩૨૭ વિદ્યાર્થીઓની દરખાસ્ત પ્રિન્સિપાલ લેવલ પર પેન્ડિંગ છે અને ગત વર્ષની સરખામણીમાં અંદાજીત ૨૮૨૭૯૪ વિદ્યાર્થીઓની દરખાસ્ત બનાવવાની બાકી છે. તે જ રીતે (૨) ભારત સરકાર પ્રિ-મેટીક યોજના હેઠળ આચાર્યશ્રી ધ્વારા ૯૭૯૦૨ જેટલી વિદ્યાર્થીઓની દરખાસ્તોની કામગીરી થયેલ છે જે પૈકી ૬૪૨૫૫ વિદ્યાર્થીની દરખાસ્ત સલંગ્ન મદદનીશ કમિ.શ્રી, આવિ.ની કચેરીના લોગીનમાં ઓનલાઇન મોકલી આપેલ છે. જયારે ૩૩૭૮૨ વિદ્યાર્થીઓની દરખાસ્ત પ્રિન્સિપાલ લેવલ પર પેન્ડિંગ છે અને તથા ૫૫૦૩૫ વિદ્યાર્થીઓની દરખાસ્ત બનાવવાની બાકી છે.

આદિજાતિના વિદ્યાર્થીઓને ઉક્ત બન્ને યોજના હેઠળ શિષ્યવૃત્તિ સહાય ચૂકવણીની પ્રક્રિયા પૂર્ણ કરવા સમયમર્યાદા નિયત થયેલ હોઇ આ બાબતે વધુ વિલંબ ન કરતા અંગત લક્ષ આપી ચાલુ સપ્તાહ દરમ્યાન શાળાઓના આચાર્યશ્રીઓ દ્વારા બાકી રહેલ વિદ્યાર્થીઓની દરખાસ્ત બનાવવા તથા પ્રિન્સિપાલ લેવલ પર

(P.T.O.)

Scanned with CamScanner

પેન્ડિંગ વિદ્યાર્થીઓની દરખાસ્ત તાત્કાલિક સંલગ્ન મ.ક.શ્રી, આ.વિ.ની કચેરીમાં મોકલી આપે તેવું આયોજન કરી આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

S.K. [signature]

શ્રેયાન અધિક્ષક
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા, ગાંધીનગર

---

પરિપત્ર નં :- ૧૧૦

ક્રમાંક:-પ્રાથમિક/ગણવેશ/શિષ્યવૃતિ/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૨૨/૦૯/૨૦૨૨

ઉક્ત પરિપત્ર જાણ તથા તાત્કાલિક અમલ સારૂ.....

[signature]

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned with CamScanner